ગાંધીનગર સમાચાર

# મોડાસામાં લાખોના ખર્ચે લગાવેલા સંખ્યાબંધ સીસી ટીવી કેમેરા રખરખાવના અભાવે બંધ હાલતમાં

મોડાસા, તા. ૯

ગુન્હોખોરી પર અંકુશ આવે તેમજ કોઈપણ ગુન્હો બન્યા બાદ ઝડપથી તેને ઉકેલી શકાય તે માટે મોડાસા શહેરમાં ૭૭ લાખ રૂપિયાના ખર્ચે ઠેર ઠેર સીસીટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા છે. જોકે કેમેરા લગાવ્યા બાદ તેનું મેન્ટેનન્સ ન કરતા તંત્રનું લાખો રૂપિયાનું આંધણ પાણીમાં જતું હોય તેવું ફલિત થાય છે.



મોડાસા શહેર પર ત્રીજા નેત્ર તરીકે સીસીટીવી કેમેરાની નજર રહે તે માટે એક વર્ષ અગાઉ ૧.૧૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. જેમાંથી ૭૭ લાખ રૂપિયા નગરપાલિકાને ફાળવવામાં આવ્યા હતા. આ લાખ્ખો રૂપિયા દ્વારા શહેરમાં ૨૨ જગ્યાઓ ઉપર ટાવર ઉભા કરી ૪૬ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.



મોડાસાના વિવિધ માર્ગો અને જાહેર જગ્યાઓ ઉપર સતત નજર રાખવા સીસીટીવી કેમેરા લગાવ્યા છે. પરંતુ તેનું મેન્ટેનન્સ કે મોનીટરીંગની કોઈ જ વ્યવસ્થા ના હોવાને કારણે આ ખર્ચ પાણીમાં ગયો છે. મોડાસા શહેરમાં વારંવાર અનેક ગુન્હાઓ બને છે જેનો ભેદ ઉકેલવા પોલીસ સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવા દોડે છે પરંતુ મોટાભાગના કિસ્સામાં આ સીસીટીવી કેમેરાના ફૂટેજ પોલીસને મળ્યા જ નથી. થોડા સમય અગાઉ મોડાસામાંથી નકલી પોલીસની ટોળકીનો એક સાગરિત પકડાયો હતો. જો કે આ શખ્સ સાથેના બે શખ્સો અને બે મહિલાઓની ઓળખ મેળવવા પોલીસ સીસી ટીવી ફૂટેજ મેળવવા ગઈ હતી પરંતુ કશું જ હાથ લાગ્યું ન હતું. મોડાસામાં એવા તો અનેક કિસ્સાઓ બન્યા છે. જેમાં પોલીસને ફૂટેજ જ હાથ નથી લાગ્યા જેથી તંત્ર આ સીસીટીવી કેમેરા જલ્દીથી ચાલુ કરાવે તેવી માંગ ઉઠી છે.

એક વર્ષ અગાઉ શહેરમાં શક્તિ એન્ટરપ્રાઈસ મારફતે ૪૬ કેમેરા લગાવવામાં આવ્યા હતા. તે સમયે એક વર્ષના કોન્ટ્રાક્ટમાં મેન્ટેનન્સની જોગવાઈ હતી. આ કોન્ટ્રાક્ટ સપ્ટેમ્બર માસમાં પુરો થઈ જતા કંપનીએ પણ હાથ અદ્ધર કરી દીધા હતા. તો ચૂંટણીને કારણે ઓક્ટોબર માસમાં મળેલી નગરપાલિકાની બેઠકમાં કોન્ટ્રાક્ટ આપી શક્યો ના હતો. પરિણામે સીસીટીવી કેમેરા બંધ થઈ ગયો છે. મોડાસાના ભરબજારમાંથી નકલી પોલીસના નામે ૨ લાખની તફડંચી કરવામાં આવી હતી. આ વિસ્તારના ફૂટેજ મેળવવા માટે પોલીસ કંટ્રોલ રૂમ ગઈ ત્યારે ૧૫ નવેમ્બર પછી કેમેરામાં રેકોર્ડીંગ થયું જ ન હતુ. તેથી પોલીસને વિલા મોંઢે પાછું આવવું પડ્યું હતું. એટલે કે મોડાસા શહેરમાં જે આશયથી સીસીટીવી કેમેરા મુકવામાં આવ્યા છે તેનો કોઈ ઉપયોગ જ ન થતો હોવાનું લોકો જણાવી રહ્યા છે.



## પાલનપુરમાં બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા એક્સ રે ઓફ લાઈફ કાર્યક્રમ યોજાયો

પાલનપુર હેલ્લો પોઈન્ટ ખાતે 'બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા 'એક્સ રે ઓફ લાઈફ' એક દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બ્રહ્માકુમારી શિવાનીબેન દ્વારા જીવનની સત્યતા અંગેનું માર્ગદર્શન અપાયું હતું. એક્સરે ઓફ લાઈફના કાર્યક્રમમાં ધ્યાન સાથે તન મનની સ્વસ્થતા અંગે અધ્યાત્મ અંગે માનનીય પ્રવચન આપ્યું હતું અને ભૌતીક સુખની પાછળ પાગલ બનેલ માનવી અધ્યાત્મથી દૂર થઈ તણાવભર્યુ જીવન જીવતા થયો હોવાનું કારણ જણાવી જીવનના સાચા એક્સ રે ઓફ લાઈફની સમજણ આપી હતી. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી સરલાદીદી, ભારતીબેન સહિત મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નગરજનો હાજર રહ્યા હતા.

## સાદરા વિદ્યાપીઠમાં ફેબ્રીકેશનનું કામ કરતા મજુરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

સાદરા વિદ્યાપીઠમાં પ્રાર્થના હોલનું બાંધકામ ચાલી રહ્યું હતું તે દરમિયાન ફેબ્રીકેશનનું કામ કરી રહેલા મજુર ઉપર લોખંડની વજનદાર ચેનલો પડતા દબાઈ ગયેલા ૪૨ વર્ષીય મજુરનું બનાવસ્થળ પર કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી ગુનાની તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર-હિંમતનગર હાઈવે પર સ્થિત સાદરા વિદ્યાપીઠ ખાતે પ્રાર્થના હોલનું બાંધકામ ચાલી રહ્યું છે. પ્રાર્થના હોલમાં લોખંડની એંગલો લગાડી ફેબ્રીકેશનને લગતું કામ ચાલી રહ્યું હતું ત્યારે ૪૨ વર્ષીય અમરાઈવાડી વિસ્તારના મજુર ખેમાભાઈ પરસોત્તમભાઈ પરમારના માથે લોખંડની વજનદાર એંગલો (ચેનલો) પડી હતી અને દબાઈ ગયા હતા. ગંભીર ઈજાઓને કારણે મજુર ખેમાભાઈનું બનાવ સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. કોન્ટ્રાકટરની બેદરકારી અંગે પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ૨૫ લાખની બનાવટી નોટ સપ્લાય કરનારની ધરપકડ

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરમાં આશરે ૨૫ લાખ જેટલી બનાવટી ભારતીય નોટ સપ્યાલ કરનાર લખનૌના એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. તેની પાસેથી જંગી મુદ્દામાલ પણ કબજે કરાયો છે. બાતમીના આધારે તેની ધરપકડ કરવામાં આવી છે.

અગાઉ બનાવટી ભારતીય ચલણ નોટો સાથે બે આરોપીઓ મોહમદ ઐયુબ ઉર્ફે બબ્બુ મોહમદ સાકીર શેખ અને મોહમદ ઈશરાર યાસીનની ધરપકડ કરી હતી. આ બન્ને પાસેથી ૧૦૪૫૦૦ની બનાવટી ચલણી નોટો મળી આવી હતી. સામે કાર્યવાહી કરવામાં આવ્યા બાદ કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. રિમાન્ડ દરમિયાન અનેક ચોંકાવનારી બાબતોની કબુલાત કરી હતી.

# આવતીકાલે મુક્તિધામ ખાતે પારેખદાદા આખી રાત વાંસળી વગાડશે

ગાંધીનગર, તા. ૯

આગામી શુક્રવાર તા. ૧૧મી ડિસેમ્બર કારતક શિવરાત્રી છે. આ પવિત્ર દિવસની રાત્રિએ શહેરના મુખ્ય સ્મશાન મુક્તિધામ ખાતે શહેરના જાણીતા વાંસળીવાદક 'પારેખદાદા' સતત ૨૨મા વર્ષે આખી રાત વાંસળીવાદન પ્રસ્તુત કરશે. ૭૧ વર્ષીય પારેખદાદાનું વાંસળીવાદન માણવા નગરના રસિકો દર વર્ષે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. વાંસળીના સૂરો રાત્રે ૯ વાગ્યાથી વહેલી પરોઢના ૪ વાગ્યા સુધી રેલાશે.

**સતત ૨૨મા વર્ષે ૭૧ વર્ષીય પ્રવિણચંદ્ર પારેખ સ્મશાનમાં વાંસળી વાદન કરશે : દર કારતક માસની શિવરાત્રિએ પારેખદાદાના નિજાનંદમાં રસિકો ભાવવિભોર બને છે**

''પારેખદાદા''ના હુલામણા નામથી ઓળખાતા પ્રવિણચંદ્ર ગોવિંદલાલ પારેખ છેલ્લા ૨૨ વર્ષથી દર વર્ષે કારતક માસની અમાસે સે. ૩૦ના સ્મશાન મુક્તિધામ ખાતે આખી રાત વાંસળીવાદન કરે છે. આ વાંસળી વાદન તેઓ નિજાનંદ માટે તથા મૃતાત્માઓના આત્માની શાંતિ માટે કરે છે. વર્ષો પહેલા પેથાપુર ગામના ભીમનાથ મહાદેવ ખાતે ૯૦ વર્ષીય રાજેશ્વરાનંદજી રહેતા હતા જેઓ મોટે ભાગે મૌન રહેતા હતા. રાજેશ્વરાનંદજીની પ્રેરણાથી પારેખદાદાએ ૨૨ વર્ષ પહેલા સ્મશાનમાં વાંસળી વગાડવાનું ચાલુ કર્યું હતું. પારેખદાદા કહે છે કે દરેક ધર્મસ્થળ સહિત તમામ સ્થળે સંપ્રદાયના ભેદભાવ પ્રવર્તે છે. જ્યારે સ્મશાનમાં કોઈ જ ભેદભાવ હોતો નથી માટે શિવજીનું આ પ્રિય સ્થળ છે.

પારેખદાદા વાંસળીવાદન સાથે માતાજીના છંદ-સ્તુતિ, ગરબા, સંતવાણી ભજન, હવેલી સંગીત, ગઝલો વગેરેની પણ પ્રસ્તુતિ કરે છે. કાર્યક્રમના અંતમાં વહેલી પરોઢે પ્રભાતિયા તથા રાગ ભૈરવી દ્વારા સમાપન કરાય છે. આ કાર્યક્રમમાં કેટલાક સેવાભાવી નગરજનો દ્વારા મંજૂરી, સાઉન્ડ, મંડપ તથા નાસ્તા પાણી વગેરેની સગવડ કરવામાં આવે છે. તેમજ અન્ય કલાકારો તબલા વાદન દ્વારા સાથ આપે છે. ''જ્યાં એકાંત હોય ત્યાં આંસુ નીકળે અને જ્યાં આંસુ નીકળે ત્યારે ખોપડીમાંથી સાચુ સંગીત ઝરે'' તેવું પારેખદાદા કહે છે.

# સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિરમાં ૧૬મા પાટોત્સવની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૯

સેક્ટર-૨ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે આગામી તા. ૧૨ થી ૧૬ ડિસેમ્બર દરમિયાન ૧૬મો વાર્ષિક પાટોત્સવ અને શ્રીમદ્ સત્સંગિજીવન પંચદિનાત્મક પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં કથા વક્તા રામકૃષ્ણદાસજી તેમજ ચૈતન્યસ્વરૂપદાસજી દ્વારા સવારે ૮.૦૦ થી ૧૧.૩૦ કલાક અને બપોરે ૩.૦૦થી ૫.૦૦ કલાક સુધી કથાનું રસપાન કરાવાશે.

આ પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ સસ્તંગિજીવન પારાયણની સાથો સાથ રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમો, વિદ્વાન સંતો દ્વારા વ્યાખ્યાનમાળા રૂપ સત્સંગ, શ્રીવિષ્ણુયાગ, પોથીયાત્રા, કથા અંતર્ગત શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા મહોત્સવ, ઠાકોરજીના અભિષેક દર્શન, અન્નકૂટ દર્શન સમગ્ર ધર્મકુળ દર્શન તથા આશીર્વાદ અને સંતોના દર્શન એવમ્ આર્શીપ્રવચન આદિક પ્રસંગોને સથવારે ભક્તોને અલભ્ય લાભ પ્રાપ્ત થશે.

સંતો દ્વારા વ્યાખ્યાનમાળા સાંજે ૫.૦૦થી ૬.૦૦ કલાક સુધી કરાશે. જેમાં તા. ૧૨ ડિસેમ્બરના રોજ નારાયણઘાટના દિવ્ય પ્રકાશદાસજી, તા. ૧૩ ડિસેમ્બરના રોજ કાલુપુરના કુંજવિહારીદાસજી, તા. ૧૪ ડિસમ્બરના રોજ વડનગર મહંતશ્રીના નારાયણ વલ્લભદાસજી અને તા. ૧૫ ડિસેમ્બરના રોજ વણઝરના ધ્યાનપ્રિયદાસજી દ્વારા વ્યાખ્યાનમાળા રજૂ કરવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત તા. ૧૧ ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે ઈશ્વરભાઈ પટેલના નિવાસસ્થાન સુખધામ, પ્લોટ નં. ૧૨૮૦/૧, સે. ૭-ડીથી નીકળી કથાસ્થળે સે. ૨ સ્વામીનારાયણ મંદિર ખાતે પધારશે. તા. ૧૨ ડિસેમ્બરને શનિવારે સવારે ૯.૦૦ કલાકે કથાનું પ્રારંભ થશે. તા. ૧૩મીના રોજ સાંજે ૫.૦૦ કલાકે વાર્ષિક શ્રી જનમંગલ નામાવલી વિવેચન રવિસભાની પૂર્ણાહૂતિનો કાર્યક્રમ કરવામાં આવશે. તા. ૧૪મીને સોમવારના રોજ સવારે ૮.૦૦ કલાકે વિષ્ણુયાગનું પ્રારંભ, સવારે ૯.૩૦ કલાકે લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાનું આગમન તેમજ સાંજે ૫.૦૦ કલાકે નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરાશે. તા. ૧૬મી ડિસમ્બરના રોજ સવારે ૭.૦૦ કલાકે ઠાકોરજીનો અભિષેક કરાવાશે. શણગાર આરતી સવારે ૮.૩૦ કલાકે, વિષ્ણુયાગની પૂર્ણાહૂતિ સવારે ૯.૪૫ કલાકે, કથા પૂર્ણાહૂતિ એવમ્ પ્રાસંગિક સભા સવારે ૧૦.૦૦ કલાકે અને અન્નકૂટ આરતી સવારે ૧૧.૦૦ કલાકે મોટા મહારાજશ્રીના વરદ્હસ્તે કરવામાં આવશે.

રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ૮.૩૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન કરાશે. જેમાં તા. ૧૨ ડિસેમ્બરના રોજ સત્સંગ ડાયરો, તા. ૧૩મીએ રાસોત્સવ, ૧૪મીએ સંતકિર્તન સંધ્યા, ૧૫મીએ બોડકા (સ્વામિના) મંડળ દ્વારા કિર્તન ભક્તિ કરાશે. આ પ્રસંગે તમામ નગરજનોને પધારવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

## વિન્ડીઝ-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી હોબાર્ટમાં ટેસ્ટ

હોબાર્ટ,તા. ૯

ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિજ વચ્ચે આવતીકાલથી હોબાર્ટમાં પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ ટેસ્ટ શ્રેણીમાં પણ ઓસ્ટ્રેલિયા ઘરઆંગણે ફરી જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે.



## આંતર વિભાગીય ક્રિકેટમાં આરોગ્ય વિભાગની ટીમનો ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ

ગાંધીનગર સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ મેચ ટુર્નામેન્ટમાં આરોગ્ય વિભાગ અને ગૃહ વિભાગની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી. આ રસાકસી ભરી મેચમાં અજય પટેલે ધમાકેદાર ૬૬ રન ફટકારતા આરોગ્ય વિભાગની ટીમનો જવલંત વિજય થયો હતો. શહેરના સે-૨૧ સ્થિત જીમખાના ખાતે હાલ સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે. દરમિયાન આજે આરોગ્ય વિભાગ અને ગૃહ વિભાગની ટીમ વચ્ચે મેચ યોજાઈ હતી. મેચમાં આરોગ્ય વિભાગની ટીમે પ્રથમ બેટિંગ લઈ ૨૦ ઓવરમાં પાંચ વિકેટના નુકશાન સાથે કુલ ૧૪૭ રનનો સ્કોર ઉભો કર્યો હતો. જેમાં ખેલાડી અજય પટેલે ૬૬ રન, બંકીમ ચૌધરીએ ૩૦ રન અને નિકુલ ગઢવીએ ૧૮ રન નોંધાવ્યા હતા જયારે ૧૪૭ રને પીછો કરવા ઉતરેલી ગૃહ વિભાગની ટીમે ૨૦ ઓવરમાં ૧૪૫ રન નોંધાવ્યા હતા. પરિણામે આ રસાકસીભરી મેચમાં ૨ રનથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ટીમનો વિજય થયો હતો. ગૃહ વિભાગની ટીમ તરફથી મેચમાં અંજન પટેલે ૬૦ અને રાજેશ ઠકકરે ૪૮ રન બનાવ્યા હતા. મેચના અંતે આરોગ્ય વિભાગની ટીમના ઓલરાઉન્ડર અજય પટેલને પોતાની શાનદાર બેટિંગ માટે મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

## મીટર પ્રથા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડતર દરખાસ્ત પર ચડેલી ધૂળને ખંખેરી મનપાના તંત્રએ તેને અપનાવવાનો નિર્ણય કર્યો છે.

પાણી વપરાશ માટે મીટર પ્રથા લાગુ કર્યા બાદ મનપા પાણી પુરવઠાની સેવા સ્વીકારશે તેમ મનાઈ રહ્યું છે એટલે સરકાર પણ આ પ્રોજેક્ટને લીલી ઝંડી આપવા આતુર હોવાનું મનાઈ રહ્યું છે.

આમ ગાંધીનગરમાં પાણી માટે મીટરપ્રથા લાગુ કરી પાણીની આવક હાલ જે થાય છે તેના નવા દર પણ લાગુ કરાશે તેમજ સરકાર હાલ જે સસ્તા દરે પુરવઠો પુરો પાડે છે તેમાંથી બહાર નીકળવા માંગે છે.

બીજી તરફ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સ્ટ્રીટલાઈટો એલ.ઈ.ડી.ની ૬૦ વોટની લાઈટ લગાવવાનો પ્રોજેક્ટ પણ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે.

મળતા નિર્દેશો મુજબ ગાંધીનગર મનપાની રચનાને પાંચ વર્ષ પૂર્ણ થવા આવ્યા છે ત્યારે સરકારે દિવાબત્તી, પાણી ગટર સહિતની સેવાઓ સોંપવા માટેનું મન બનાવી લીધુ છે.

આજે ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં જે રીતે પ્રોજેક્ટોને બહાલી આપવામાં આવી છે તેના પરથી એ સ્પષ્ટ થાય છે કે સરકાર સેક્ટરોના રિડેવલપીંગની સંપૂર્ણ જવાબદારી પણ મનપાને સોંપવા માંગે છે. કારણ કે મકાનોની મરામત-નિભાવણી અને જાળવણી માટે ઉભી કરાયેલ ઈન્કવાયરી કચેરીઓ બંધ કરવાના મૂડમાં સરકાર જણાઈ રહી છે. આમેય આ કચેરીઓના મોટા ભાગના કર્મચારીઓ નિવૃત્ત થઈ ચુક્યા છે.

સરકાર પાટનગર યોજના પ્રભાગ પાછલે બારણે મનપાને સુપ્રત કરી અને નવી મનપા માટે મોટો પડકાર ઉભો કરવા તરફ આગળ વધી રહી હોવાની ચર્ચા નગરજનોમાં ઉભી થવા પામી છે. આજે મનપાએ ૧૬ જેટલી દરખાસ્તોને બહાલી આપી હતી.

## વિચારોનાં... (૪ પાનાનું ચાલુ...)

જે વસ્તુઓ ઉનાળામાં જોવા માત્રથી પરસેવો વાળી દે છે તે શિયાળે ગમી જાય છે. ગરમ ચા શિયાળાની ઓળખ બની શકે છે. ઠંડા માણસો જો શિયાળામાં કામગરા ન બને તો ઠરી જવાની શક્યતા છે. સંબંધોની ચરમસીમા શિયાળાને સુંદર બનાવવા માટે પૂરતી છે. ઘરનો ખૂણો શિયાળાને રળિયામણો કરી નાખે છે. નાના બાળકોની ખુશીઓ શિયાળાને બાળક પુરવાર કરે છે.

વાતાવરણની અસર બધા માનવીઓ પર ક્યાં થાય છે ? ખાસ કરીને ભ્રષ્ટાચાર જેવા ભયંકર વિષયની સંવેદના ઠરી ગયેલી લાગે છે. લાગે કે ભગવાન પણ તેનાથી હાથ ધોઈ બેઠા છે. અમેરિકા, જાપાન અને ભારતના રાષ્ટ્રીય વડાઓ ભગવાનને મળવા ગયા. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે ભગવાનને પૂછ્યું કે મારા દેશમાં ભ્રષ્ટાચાર નાબૂદ થશે ? ભગવાને કહ્યું, 'ત્રીસ વર્ષ લાગશે.' આ સાંભળી અમેરિકન પ્રમુખની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં કે એમના કાર્યકાળમાં લાંચરુશવત નાબૂદ થશે નહીં. પછી જાપાનના વડાએ પ્રભુને પુછ્યું, 'મરા દેશમાં ભ્રષ્ટાચાર ક્યારે નષ્ટ થસે?' ભગવાને જવાબ આપ્યો, 'પચાસ વર્ષ લાગશે.' મારા કાર્યકાળ દરમિયાન જાપાનમાં ખાયકી દૂર નહીં થાય એ જાણી ત્યાંના વડા રડવા લાગ્યા. ત્યાર બાદ ભારતના રાષ્ટ્રીય વડાનો પ્રશ્ન પૂછવાનો વારો આવ્યો. તેઓ પ્રશ્ન પૂછે એ પહેલાં ખુદ ભગવાન રોવા લાગ્યા. 'કેમ રડો છો ભગવાન ?' ભગવાને કહ્યું, 'અરેરે! મારી હયાતી દરમિયાન ભારતમાંથી ભ્રષ્ટાચાર દૂર નહીં થાય!

## વેપારી સામે ફરિયાદ...

● ત્રીજા પાનાનું ચાલુ

૧૮૬ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ સંદર્ભે સે. ૭ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.એલ. દેસાઈએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ આ ઘટનાને પગલે આરટીઓ કચેરીના અધિકારીઓ સાથે કર્મચારીઓ પણ પોલીસ સ્ટેશન દોડી જતા બપોરના સમયે આખી આરટીઓ કચેરી ખાલીખમ જોવા મળી હતી. આરટીઓ કચેરીમાં કર્મચારીઓ પણ હાજર પર હાજર ન રહેતા અરજદારોએ પોતાના કામ નિપટાવવા ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. બપોરના બે કલાક સુધી આરટીઓ ઓફિસમાં અરજદારોના કામો ઠપ્પ થઈ ગયા હોવાના ગણગણાટ પણ પ્રવર્તતો હતો.

## કેનાલમાં છલાંગ... ● ત્રીજા પાનાનું ચાલુ

રાજેશ્વરીબેને ચાલુ ટ્રેનમાંથી છલાંગ લગાવી મુકી હતી તેને બંધ ફાટકને કારણે ઉભેલા એક ટ્રક ડ્રાઈવરે જોતા તે તાત્કાલીક કેનાલ પાસે પરિણીતાને ડુબતા બચાવવા પહોંચી ગયો હતો અને પાણીમાં રસ્સો નાંખી બચાવવા પ્રયત્નો કર્યા હતા. બીજી તરફ ચાલતી ટ્રેનની ચેઈન ખેંચીને સાસુ ઉતર્યા અને પરત કેનાલ પાસે આવ્યા અને ફાયરબ્રિગેડને પણ જાણ કરી બોલાવી લીધી હતી ગઈ સાંજથી કેનાલમાં પરિણીતાની શોધખોળ ચાલી રહી છે પરંતુ હજુ સુધી તેણીની ભાળ મળી શકી નથી. આપઘાત કરવાનું કારણ પણ હજુ સ્પષ્ટ થયું નથી.

## મંત્રણા માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટેની રૂપરેખા નક્કી કરવામાં આવશે. સુષ્મા સ્વરાજે અગાઉ પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફ સાથે પણ વાતચીત કરી હતી જેમાં વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરાઈ હતી. પાકિસ્તાન સાથેના દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવાના હેતુસર ઈસ્લામાબાદ પહોંચ્યા બાદ સુષ્મા સ્વરાજનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ક્લાઈમેટ ચેન્જ અંગેની પેરિસમાં યોજાયેલી બેઠક દરમિયાન નવાજ શરીફ સાથે નરેન્દ્ર મોદીની ટૂંકી બેઠક બાદ વાતચીતનો સિલસિલો શરૂ થયો હતો. પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં હાર્ટ ઓફ એશિયા કોન્ફરન્સમાં સુષ્મા સ્વરાજે અફઘાનિસ્તાનને સંભવિત તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. અફઘાનિસ્તાનને સહકાર આપવા ભારત તૈયાર છે. અફઘાનિસ્તાન પડકારોનો સામનો કરી રહ્યું છે. સુષ્માએ એમપણ કહ્યું હતું કે, ભારત દરેક પડોશી દેશ સાથે શાંતિપૂર્ણ સંબંધો ઈચ્છે છે. પાકિસ્તાન પણ આત્મવિશ્વાસ જગાવે તે જરૂરી છે. ત્રાસવાદ અને કટ્ટરપંથીઓને કોઈપણ નામ અને સ્વરૂપમાં જગ્યા ન મળે તે પણ જરૂરી છે.

## દ્વેષભાવના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ન્યાયતંત્રને ભયભીત કરવાનું કામ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યું નથી. અમે જાણીએ છીએ કે, સંસદના બન્ને ગૃહોમાં ગઈકાલે અને આજે કોંગ્રેસના સભ્યોએ ધાંધલ ધમાલને લઈને સાવધાની રાખી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપપ્રમુખ રાહુલ ગાંધી સહિતના કોંગ્રેસના નેતાઓ સામે દિલ્હી કોર્ટ દ્વારા સમન્સ જારી કરવામાં આવ્યું છે. નેશનલ હેરાલ્ડ કેસમાં તેમને ૧૯મી ડિસેમ્બરના દિવસે આરોપી તરીકે કોર્ટમાં હાજર થવાની સુચના આપવામાં આવી છે. નિષ્ક્રિય થયેલા નેશનલ હેરાલ્ડ ન્યુઝપેપરના ઉપર અંકુશ મેળવવામાં ફંડની ઉચાપત અને છેતરપીંડી બદલ તેમની સામે ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ ફરિયાદ દાખલ કરી હતી. નેશનલ હેરાલ્ડ કેસ મામલામાં આ અગાઉ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ દિલ્હીની એક અદાલત સમક્ષ વ્યક્તિગત ઉપસ્થિતિમાંથી મુક્તિની માંગ કરી હતી. જેને સ્વિકારી લેવામાં આવી હતી. જેથી હવે ૧૯મી ડિસેમ્બરના દિવસે વ્યક્તિગત રીતે ઉપસ્થિત થવા માટે તમામને કહેવામાં આવ્યું છે.કોંગ્રેસની એવી દલીલ રહી છે કે, નેશનલ હેરાલ્ડ કેસમાં યંગ ઈન્ડિયા લિમીટેડમાં કોઈપણ ગેરરીતી થઈ નથી.

## પોસ્ટરથી હોબાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેલાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંજય જોશી એકબીજાના કટ્ટર રાજકીય શત્રુઓ છે ત્યારે સંજય જોશીની ગુજરાતમાં અને સમગ્ર દેશમાં એકબંધ રહેલી લોકપ્રિયતા હજુ પણ મોદીના સમર્થકોને આંખમાં કણાની જેમ ખુંચે છે ત્યારે અમદાવાદના દર્પણ છ રસ્તા, શિવંરજની અંડરબ્રિજ, ગુજરાત યુનિવર્સિટીના દ્વારે, ઘાટલોડિયા પ્રભાત ચોક, કોમર્સ છ રસ્તા અને પરિમલ અંડરબ્રિજ પાસે સંજય જોશીને પાછા લાવવા અંગેના તોતિંગ હોર્ડિંગ્સ લાગતા ભાજપના નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ હતી. ગઈ મોડી રાતે શહેરમાં એકાએક આ પોસ્ટર લાગ્યા હતા અને સવારે ભાજપના નેતાઓને તેની ખબર પડતા અનેક સ્થળોએથી આ હોર્ડિંગ્સ ઉતરાવી લીધા હતા. સંજય જોશીના હોર્ડિંગ્સ વિશે રસપ્રદ બાબત એ રહી હતી કે આવા હોર્ડિંગ્સ ખુદ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેમજ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના મતવિસ્તારમાં પણ લાગ્યા હોવાથી ભાજપના કાર્યકરોમાં ભારે કુતુહલ ફેલાયું હતું અને આજે સાથે સાથે રમુજ ફેલાયું હતું. અને સંજય જોશી ફરી ગુજરાત આવી રહ્યા છે. તેવી ચર્ચાએ ભાજપના વર્તુળોમાં ભારે જોર પકડયું હતું.

**કાર્યપાલક ઈજનેર, સચિવાલય સંકુલ, વિદ્યુત વિભાગ, ગાંધીનગર**

**નોટીસ નં. એસકે/૩ (સુધારો) સને ૨૦૧૫-૨૦૧૬**

કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૧૪/૧૨/૨૦૧૫ને સમય ૧૬-૦૦ કલાક છે. ટેન્ડર લેવાની છેલ્લી તા. ૨૨/૧૨/૨૦૧૫ને સમય ૧૭-૦૦ કલાક છે.

સહી/-
(એસ.એસ. ગુપ્તા)
કાર્યપાલક ઈજનેર,
સચિવાલય સંકુલ વિદ્યુત વિભાગ, ગાંધીનગર

માહિતી/૧૯૮૬/૧૫-૧૬

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

વાહન ભાડે કરવાનો કોન્ટ્રાક્ટ

ટેન્ડર નોટીસ નં.: સી156/2/કેશ/જીએનસી/2015 તારીખ: 04.12.2015. ટેન્ડર નં.: ડીઆરએમ/કોમ./47/2015-16 કામનું નામ/સ્થળ/વર્ણન: ગાંધીનગર રેલવે સ્ટેશનથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર શાખા સુધી રેલવેની રોકડ સિલબંધ/તાળાબંધ, લાકડાના/લોખંડના બોક્સીઝમાં રેલવે સ્ટાફ સાથે લઈ જવા અને સવારે સ્ટાફને રોકડના ખાલી બોક્સીઝ સાથે પીઆરએસ/સચિવાલય, ગાંધીનગર અને સાંજે પીઆરએસ/સચિવાલય, ગાંધીનગરથી ગાંધીનગર રેલવે સ્ટેશન સુધી પરત લાવવા 3 (ત્રણ) વર્ષથી જુનું ન હોય એવું બંધ મોટર વાહન (ટાટા સુમો જેવુ) ભાડે કરવાના કોન્ટ્રાક્ટ માટેનું ટેન્ડર. કાપવાનું થતું અંતર અંદાજે 17 કિ.મી. છે. રીઝર્વ કિંમત અને કુલ મૂલ્ય: ₹ 500/-, પ્રતિ દિવસ અને 2 વર્ષ માટે કુલ કિંમત ₹ 3,65,000/- ઈએમડી: સિનિ. ડીએફએમ, પશ્ચિમ રેલવે, અમદાવાની તરફેણમાં ડી.ડી.ના સ્વરૂપમાં ₹ 7,300/- ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: 12.01.2016 ના 15.00 કલાક ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 12.01.2016 ના 15.30 કલાક. ઓફિસનું સરનામું જ્યાં વિગતો ઉપલબ્ધ રહેશે: સિનિ. ડિવીઝનલ કોમર્શિયલ મેનેજર, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, ચામુંડા માતાના મંદિર પાસે, ન્યુ સ્વદેશી મિલની સામે, પોસ્ટ સૈજપુર બોઘા, અમદાવાદ-382345. વેબસાઈટ: www.wr.indianrailways.gov.in 274

અમને લાઇક કરો: facebook.com/WesternRly